# વર્તમાન શિક્ષણમાં અભ્યાસક્રમ રચનાના પાયાના સિદ્ધાંતો

જયશ્રીબેન ગુલાબભાઈ ચૌધરી
અધ્યાપક સહાયક,
પી.ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, રાજકોટ

**સારાંશ**

*પ્રાચીન શિક્ષણ વ્યવસ્થાના દિવસો હવે ડગુમગુ થઈ રહ્યા છે ત્યારે એ સ્પષ્ટ પણે જોવા મળે છે વર્તમાન સામાજિક પ્રણાલીના પુન: નિર્માણ માટે તેમજ મનુષ્યની નૂતન પ્રતિભાને સુસંગત માનવ સંબંધોનું પુનઃ નિર્માણ કરવા માટે શૈક્ષણિક ભવિષ્ય દર્શન માં નૂતન અધ્યયન પદ્ધતિનો પરિપેક્ષ્ય વિકસાવવો બહુ ખૂબ જ જરૂરી છે વર્તમાન ઉદ્યોગ યુગનો અસ્ત થઈ રહ્યો છે અને નવા યુગના મંડાણ તરફ દુનિયા જઈ રહી છે ત્યારે અધ્યયનમાં સમકાલીન સમસ્યાઓ જેવીકે, શૈક્ષણિક હેતુઓ, પરિવર્તન પામતી જરૂરિયાતો, શૈક્ષણિક નિયંત્રણ, અભ્યાસક્રમ વિષય વસ્તુ અને સંગઠન, વંશીય લઘુમતીઓ, વ્યાવસાયિક જરૂરિયાતો, જવાબદારીઓ, કાનૂની દરજ્જા અને શાળાની નાણાકીય બાબતો અંગે ધ્યાન દોરવું ખૂબ જ આવશ્યક છે. આમ, માનવજાતે હવે વૈકલ્પિક ભવિષ્યની યોજનાઓ ઘડી કાઢવી જોઈએ. કેળવણી અને ભવિષ્યલક્ષી અને વિશ્વના પ્રગતિશીલ હરોળમાં બેસાડવી હોય તો વર્તમાન શિક્ષણના અભ્યાસક્રમ રચનામાં કેટલાક સિદ્ધાંતો લાવવા ખૂબ જરૂરી છે. આ હેતુને અનુલક્ષીને પ્રસ્તુત લેખમાં વર્તમાન શિક્ષણના અભ્યાસક્રમની રચના ના સિદ્ધાંતો તરીકે તાર્કિકતા, ઉપયોગીતા, પરિવર્તનશીલતા, વૈવિધ્યતા, અને સંકલિતતા ની ચર્ચા કરવામાં આવી છે.*

---

**ચાવીરૂપ શબ્દો** *તાર્કિકતા, ઉપયોગીતા, પરિવર્તનશીલતા, વૈવિધ્યતા, સંકલિતતા*

---

**૧. પ્રસ્તાવના**

પ્રાચીનકાળથી કહીએ કે વૈદિક કાળથી આપણી ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણનું મહત્વ વર્ષોથી ચાલતું આવ્યું છે. શિક્ષણ એ ભારતીય સંસ્કૃતિની એક આગવી ઓળખ છે. એમ કહીએ તો પણ ચાલે કે દુનિયાને શિક્ષણની ઓળખ કરાવનાર માત્ર ભારત જ છે. આમ શિક્ષણના ધ્યેયો ને અનુલક્ષીને વિચાર કરીએ તો આપણને જાણવા મળશે કે શાળા-કોલેજોમાં શિક્ષણના નામે જે દૂષણો હારની વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં ચાલી રહ્યા છે તેમાં સુધારા લાવવાની જરૂરિયાત ઊભી થાય છે. આથી શિક્ષણ વિદ્યાર્થી ના વૈયક્તિક તફાવતો ને સંતોષી શકે તેવુ બનાવવા માટે અભ્યાસક્રમ એ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષણના કોઈપણ સ્તરમાં એટલે કે પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, વિદ્યાલય અથવા તો મહાવિદ્યાલયોમાં અભ્યાસક્રમની રચના કરવી હોય તો તેના માટે કેટલાક સિદ્ધાંતો આપણે પહેલેથી તૈયાર કરી લેવા જોઈએ જેથી શિક્ષણ રસપ્રદ અને ભાર વિનાનું ભણતર બનાવી શકાય. એક ચોક્કસ રૂપરેખા વગર અભ્યાસક્રમનો કોઈ જ મહત્વ નથી. આમ, અભ્યાસક્રમની પુનઃ રચના કેવી રીતે કરવી તે માટેના

અભ્યાસક્રમના મૂળભૂત સિદ્ધાંતો કયા છે આ પ્રશ્નોની આજે આપણી પ્રસ્તુત લેખમાં અભ્યાસક્રમ રચનાના પાયાના સિદ્ધાંતો તરીકે,

- તાર્કિકતા,
- ઉપયોગીતા,
- પરિવર્તનશીલતા,
- વૈવિધ્યતા,
- સંકલિતતા વગેરે જેવા સિદ્ધાંતોની સ્પષ્ટ રીતે ચર્ચા કરવામાં આવી છે.

## ૨. અભ્યાસક્રમ રચનાના પાયાના સિદ્ધાંતો

### *૨.૧ તાર્કિકતા*

હું એમ નથી કહેતી કે અભ્યાસક્રમ પ્રણાલીગત હોય કે રૂઢિચુસ્ત હોય પણ અભ્યાસક્રમમાં તર્કબદ્ધતા, તર્ક શુદ્ધતા અને તાર્કિકતા હોવી ખૂબ જ આવશ્યક છે. આપણે જે શિક્ષણનો અભ્યાસક્રમમાં લખીએ છીએ તેની પાછળનો મુખ્ય હેતુ એટલે કે મુખ્ય ધ્યેયમાં અધ્યાયન એ સ્પષ્ટ અને સચોટ રીતે સચવાયેલું હોવું જોઈએ.આપણે જાણીએ છીએ તેમ જ્યાં સુધી આપણી શાળા કોલેજોનો અભ્યાસક્રમ યોગ્ય નહીં હોય અને જો તે વિચારશીલ અને પરિવર્તનશીલ નહીં હોય ત્યાં સુધી તે અભ્યાસક્રમ વિદ્યાર્થીઓ માટે કોઈ કામ નથી. વિદ્યાર્થીઓને કયો વિષય શીખવવો છે? શા માટે શીખવો છે? કેવી રીતે શીખવો છે? આ ત્રણ પ્રશ્નના અનુસંધાનમાં આપણી વિચાર કરીએ તો ઈતિહાસ અને માનવ સંબંધી જ્ઞાન આપતા બીજા વિષયોના અભ્યાસક્રમમાં પણ આ પ્રશ્નો સંકળાયેલા હોય છે. આજના ટેકનોલોજીના યુગમાં જો આપણે આપણા દેશના શિક્ષણનું આગળ લઈ જવું હોય તો તેમજ વિશ્વના શિક્ષણ હરીફાઈના હરોળમાં જો આપણે એક આગવું સ્થાન ઊભું કરવું હોય તો તેમજ જો સમાજને નવીન રચના કરવી હોય તો હવે આપણે આપણા વર્તમાન શિક્ષણ આગળ લઈ જવું જ પડશે. હવે આપણે રાજાઓના યુદ્ધો કે લડાઈ ક્યારે અને કઈ સાલમાં થઈ હતી તેમજ આંતરજાતીય ઘર્ષણો ના ઈતિહાસનું શિક્ષણ આજના સમયના વિદ્યાર્થીને આપવુ એ અર્થ વગરનું છે. હાલની વર્તમાન સ્થિતિની વાત કરીએ તો અત્યારના સમયમાં ટેકનોલોજીના યુગમાં ગદ્ય અને પદ્યમાં લખાયેલી આતુરતા જગાડનારી કાલ્પનિક સાહિત્યકૃતિઓ ની જરૂરત નથી. હાલનું અભ્યાસક્રમ એ ભૂતકાળનું છે જેમાં આપણે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નવીન રચના કરવાની છે. તેથી અભ્યાસક્રમ તે ભવિષ્યને સંબંધ ધરાવતો હોવો જોઈએ. આમ અભ્યાસક્રમ ની રચનાનો મુખ્ય સિદ્ધાંત એ છે કે અભ્યાસક્રમ સમાજની જરૂરિયાતને લક્ષમાં રાખીને બાળકોનો વિકાસ થાય, બાળકોના જ્ઞાનમાં પ્રગતિ થાય,બાળકના સામાજિક માળખામાં પરિવર્તન આવે તથા બાળકની સાથે સાથે સમાજનો પણ વિકાસ થાય તેવો વર્તમાન સમયમાં અભ્યાસક્રમ એટલે કે શિક્ષણ હોવું જોઈએ.

### *૨.૨ ઉપયોગીતા*

અભ્યાસક્રમ રચનાનો બીજો સિદ્ધાંત એટલે કે ઉપયોગીતા. ઉપયોગિતા એ તાર્કિકતા સિદ્ધાંત નો જ એક ભાગ છે. જેમાં આપણા મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે.

*શું અભ્યાસક્રમ વ્યક્તિગત રીતે બાળક અને સમાજને ઉપયોગી છે ખરો?

*શું વર્ગ પ્રમાણે અને બાળકની ઉંમર પ્રમાણે અભ્યાસક્રમનો વિભાજન થયું છે ખરું?

*શું શાળાનો અભ્યાસક્રમ ભવિષ્યના નાગરિકો ને જ્ઞાન આપી શકશે ખરું?

*શું રસ અને વલણ કેળવી શકે તેવી કુશળતા અભ્યાસક્રમમાં હશે?

આ તમામ પ્રશ્નો હાલના તબક્કે આપણા શિક્ષણ વ્યવસ્થાના તમામ તબક્કે આવીને ઊભા રહ્યા છે. આપણા દેશની જરૂરિયાતો અને હાલના અપાતા શિક્ષણ વચ્ચે આસમાન જમીનનો ફરક છે. આમ, લોકશાહી સમાજની જીવંત પ્રક્રિયા એ અભ્યાસક્રમ છે બાળકોની સમક્ષ ઉપસ્થિત થતી સમસ્યાઓનો ઉકેલ આપણા દેશની શાળા-કોલેજોનું લોકશાહી વાતાવરણ ઊભું કરવું એ આજના વર્તમાન સમયમાં ખૂબ જ જરૂરી છે. બાળક પોતાની બુદ્ધિ કક્ષા પ્રમાણે અભ્યાસક્રમને ન્યાય આપી શકે છે જે આજના યુગમાં આપણે સ્પષ્ટ સમજી ને અભ્યાસક્રમ રચનામાં તેનો ઉપયોગ કરવો જોઈએ. તેથી હું સ્પષ્ટપણે માનું છું કે દરેક બાળકની અપેક્ષા એ અલગ-અલગ અભ્યાસક્રમની રચના કરવાની આવશ્યકતા ઊભી કરવી જોઈએ. આમ કોઈપણ રાષ્ટ્રના ઉદય માટે બાળકોમાં સામાજિકતા, રાષ્ટ્રીય ભાવના, અને વિચાર આવતાની કેળવણી કેળવાય તે આજના વર્તમાન સમયની શિક્ષણ પ્રણાલીમાં ખૂબ જ ઉપયોગી છે.

### *૨.૩ પરિવર્તનશીલતા*

અભ્યાસક્રમ રચના નો ત્રીજો સિદ્ધાંત એટલે પરિવર્તનશીલતા. સાદી અને સરળ ભાષામાં કહીએ તો પરિવર્તનશીલતા એટલે કે અભ્યાસક્રમને સંજોગોનુંસાર બાળકની જરૂરીયાત પ્રમાણે ફેરફાર કરવો. આજના આપણા શિક્ષણનો સંચાલકો **"જૈસે થે"**જેવી પરિસ્થિતિ થી ટેવાઈ ગયા છે. તેમણે તેમના મનમાં એમ જ વિચાર્યું છે કે જેવું ચાલે છે તેવું જ આ શિક્ષણને ચાલવા દો પણ વર્તમાન સમયમાં શિક્ષણની ભૂખ સંતોષવી હોય અથવા અભ્યાસક્રમમાં ગુણવત્તા લાવવી હોય તો સમય સમય પર અભ્યાસક્રમમાં પરિવર્તન થવું જ જોઈએ. આમ આપણા દેશમાં પરિસ્થિતિ જેમ બદલાય છે તેમ અભ્યાસક્રમનું શિક્ષણના દરેક તબક્કા એ સર્વગ્રાહી મૂલ્યાંકન કરવું અને અભ્યાસક્રમની પુનઃ રચના કરવાનો પ્રબંધ સરકાર દ્વારા થવો જ જોઈએ. શિક્ષણ ને સમાજના પરિવર્તનનું અગત્યનું પરિબળ માનીએ તોહાલની પરિસ્થિતિમાં અભ્યાસક્રમ અને આપણી સામાજિક પરિસ્થિતિ વચ્ચે ઘાણું મોટું અંતર જોવા મળે છે. વિદ્યાર્થીઓને અધ્યયન અનુભવ પૂરા પાડવા માટે પુનરાવર્તન કરવું ખૂબ જ આવશ્યક છે. આમ, અભ્યાસક્રમ માં ભલે ધીમે ધીમે પરિવર્તન થાય પણ ગણતરી પૂર્વકનું અને અર્થપૂર્ણ પરિવર્તન એ આજના વર્તમાન સમયમાં અને ભવિષ્યની માંગ માં અતિ આવશ્યક છે.

### *૨.૪ વૈવિધ્યતા*

અભ્યાસક્રમ રચના નો ચોથો સિદ્ધાંત એટલે વૈવિધ્યતા. બાળકની શક્તિઓ, રસ અને રુચિને ધ્યાનમાં રાખીને તેની જરૂરિયાતો સંતોષવા માટે વૈયક્તિક તફાવતો ને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમમાં વૈવિધ્યતા લાગવી ખૂબ જ જરૂરી છે. જો અભ્યાસક્રમ યોગ્ય ન હોય તો બાળક પોતાનામાં હતાશા અનુભવે છે. તેમજ તેની સર્જનશીલતા માં વધારો થતો નથી આમ બાળક એ ફૂલની જેમ કરમાઈ જાય છે. જ્યોતિ ને એક સુગંધીદાર પુષ્પ બનાવવું હોય તો બાળકને શિક્ષણનું યોગ્ય સ્થળ આપો ખૂબ જ હિતાવહ છે. જો બાળકને યોગ્ય શિક્ષણ ન આપવામાં આવે તો બાળક તેની જવાબદારી થી વિમુખ બને છે. અને તેનો સર્વગ્રાહી વિકાસ રૂંધાય છે. શાળામાં ભણાવવા તો દરેક વિષય વિદ્યાર્થીને સામાન્ય જ્ઞાન આપે છે. હાથી શાળા-કોલેજોના વૈકલ્પિક વિષયો માં વિશાળતા એટલે કે વૈવિધ્યતા હોવી જ જોઈએ.પુખ્ત વયના બાળકોની ભાવનાઓ અને જન્મજાત શક્તિઓનો વિકાસ કરવા માટે વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણને વૈવિધ્ય બક્ષવુ

ખૂબ જ જરૂરી છે.તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડે તેવો આજ નો અભ્યાસક્રમ હોવો જોઈએ. આપણા રાજ્યના કેળવણી ખાતાએ અભ્યાસક્રમને વિવિધ લક્ષી બનાવ્યો છે પણ તેનો હજુ અમલ થઇ શક્યું નથી. જેના કારણો જોઈએ તો ધંધાકીય અભ્યાસક્રમ શીખવવા માટે તાલીમ પામેલા શિક્ષકોનો અભાવ જોવા મળે છે. શાળાનું સંચાલન વ્યવસ્થિત નથી. મા-બાપનો આવા વ્યવસાયો પ્રત્યેનો અણગમો, શાળાઓ પાસે પૈસા નો એટલે કે યોગ્ય ભૌતિક સાધનો વિકસાવવા નો અભાવ, સાધનસામગ્રીનો અભાવ, આ કારણો અભ્યાસક્રમ ના વિકાસ અને વૈવિધ્ય અને રુંધે છે. આમ, આજનો વર્તમાન સમયનો અભ્યાસક્રમ નું વૈવિધ્ય શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ ની પસંદગી ઉપર આધાર રાખે છે.જેથી વિદ્યાર્થી અભ્યાસક્રમ પૂરો કરી વ્યવહાર જીવન માં પ્રવેશ કરે અને તેની સર્જનાત્મકતાનો વિકાસ થાય.

### *૨.૫ સંકલિતતા*

અભ્યાસક્રમની પુનઃ રચના માટે સંકલિતતા એ ખૂબ જ મહત્વનો સિદ્ધાંત છે. પ્રાથમિક સ્તર, માધ્યમિક સ્તર, ઉચ્ચત્તર સ્તર અને મહાવિદ્યાલય સ્તર પર અભ્યાસક્રમ એકબીજાની સાથે ગાઢ રીતે સંબંધ ધરાવતો હોવો જોઈએ. વિદ્યાર્થીનો અભ્યાસક્રમ એવો હોવો જોઈએ જેનાથી વિદ્યાર્થી આગળના અભ્યાસક્રમમાં સુસંગત રીતે ગોઠવાઈ જાય. જો આવ સુસંગત અભ્યાસક્રમ ની રચના કરીએ તો અભ્યાસક્રમ નિષ્ફળતા અને પરિણામોમાં આવતા વ્યય ને અટકાવી શકાય છે. તેમજ નિષ્ફળતા અને અપવ્યય નું પ્રમાણ ઘટાડી શકાય છે. આમ અભ્યાસક્રમ વિદ્યાર્થી ને એક કક્ષામાંથી બીજી કક્ષા માટે પરિપક્વ બનાવી શકે તેવો હોવો જોઈએ. વિદ્યાર્થીને ઉચ્ચ કેળવણી આપવા માટે અભ્યાસક્રમ માં વિવિધતા, ક્રમિક અને સંકલિતતા હોવી ખૂબ જ જરૂરી છે. ટૂંકમાં સંકલિતતા એ અભ્યાસક્રમ એટલે કે દરેક વિષય સંપૂર્ણ રીતે જડપણે આપણે અલગ ન શીખવવો. બીજા વિષયો સાથે અનુબંધ સાધીને શીખવવો જોઈએ જેથી તમામ કક્ષાએ શીખવવામાં આવતા વિષયો માનવ જ્ઞાન અને માનવ અનુભવો સાથે સંબંધ ધરાવતા હોવા જોઈએ.

### ૩. ઉપસંહાર

આમ અભ્યાસક્રમની રચના માટે ઉપર આપણે પાંચ મહત્વના સિદ્ધાંતની ચર્ચા કરી છે જેમાં અભ્યાસક્રમમાં તાર્કિકતા એટલે તર્કબદ્ધતા અને તર્કપૂર્ણ અભ્યાસક્રમ. ઉપયોગિતા એટલે દેશની જરૂરિયાતને અનુલક્ષીને અભ્યાસક્રમ. પરિવર્તનશીલતા એટલે શિક્ષણના દરેક તબક્કે અભ્યાસક્રમ ફેરફાર કરવો. વૈવિધ્યતા એટલે બાળકની રસ અને રુચિ પ્રમાણે વિવિધતા ધરાવતો અભ્યાસક્રમ તેમજ સંકલિતતા એટલે માનવ જ્ઞાન અને માનવ અનુભવો સાથે સંકલિત સંબંધ ધરાવતો અભ્યાસક્રમ. વર્તમાન શિક્ષણ અભ્યાસક્રમની રચના કરવા માટે ઉપરના તમામ સિદ્ધાંતોને જો સાંકળવામાં આવે તો વર્તમાન સમયમાં શિક્ષણની ગુણવત્તાને સુધારી શકાય છે.

### સંદર્ભ સૂચિ

**૧.** દોલતભાઈ દેસાઈ અને પ્રમિલા દેખતાવાલા,(૧૯૮૪), અભ્યાસક્રમ: સિદ્ધાંતો અને અભ્યાસક્રમ સંરચના, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. પૃષ્ઠ નં.૬૯,૭૧,૭૪

**૨.** નીરવ.પી. શાહ, (૨૦૧૧), કેળવણીની તાત્વિક આધારશિલાઓ, નીરવ પ્રકાશન, અમદાવાદ. પૃષ્ઠ નં.૩૯,૪૧